ओ३म्

(તર્ક અને પ્રમાણોથી - ન્યાયદર્શનની પંચાવયવ પ્રક્રિયાથી)

# ઈશ્વર-સિદ્ધિ


લેખક

**આચાર્ય જ્ઞાનેશ્વરાર્યઃ**

(એમ.એ., દર્શનાચાર્ય)

અનુવાદક

**ભાવેશ મેરજા**



પ્રકાશક

**દર્શન યોગ મહાવિદ્યાલય**

આર્ય વન, રોજડ, પો. સાગપુર

જિ. સાબરકાંઠા, પિન - ૩૮૩૩૦૭

ફોન : (૦૨૭૭૪)૨૭૭૨૧૭, (૦૨૭૭૦)૨૮૭૪૧૭

E-Mail : darshanyog@gmail.com



- આચાર્ય જ્ઞાનેશ્વરાર્યઃ રચિત હિંદી પુસ્તક 'ईश्वर-सिद्धि'નો ગુજરાતી અનુવાદ
- ગુજરાતી આવૃત્તિ : પ્રથમ - વૈશાખ સં.૨૦૬૦, મે-૨૦૦૪

## ● મુખ્ય વિતરક ●

આર્ય રણસિંહ યાદવ, c/o ડૉ.સદ્ગુણા આર્યા,
'શુભમ્', રાયજીનગર, જૂનાગઢ-૩૬૨૦૦૧

## ● પ્રાપ્તિસ્થાન ●

- આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૨૨
- આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, હાથીખાના, રાજકોટ-૩૬૦૦૦૧
- આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, ઝંડા ચોક પાસે, ગાંધીધામ, જિ.કચ્છ-૩૭૦૨૦૧
- આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, પોરબંદર-૩૬૦૫૭૫
- આર્યસમાજ, નવાડેરા, ભરૂચ-૩૯૨૦૦૧
- આર્યસમાજ, સ્ટેશન રોડ, આણંદ
- આર્યસમાજ, મામા કોઠા રોડ, ભાવનગર
- આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, ધ્રાંગધ્રા
- આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, ખંભાળિયા નાકા, જામનગર-૩૬૧૦૦૫
- આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫
- આર્યસમાજ, દત્ત એપાર્ટમેન્ટ, મકરપુરા રોડ, વડોદરા
- આર્યસમાજ, સોની ફળિયા, સુરત
- આર્યસમાજ, આર્યસમાજ મંદિર માર્ગ, વિસાવદર, જિ.જૂનાગઢ-૩૬૨૧૩૦
- આર્યસમાજ, સેક્ટર-૨૪, ગાંધીનગર
- આર્યસમાજ, દાતાર રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧
- શ્રી જગદીશભાઈ ઠક્કર, ધનબાઈ ડેલો, ગો.હી.ઠક્કર માર્ગ, જામનગર
- શ્રી અરવિંદ રાણા, ૭૯૧-ડી-૩ પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર
- શ્રી મહેન્દ્રભાઈ ટી.ગાંધી, પ્લોટ નં.૪૩૯, સેક્ટર-૨૩, ગાંધીનગર

**પડતર કિંમત :** રૂપિયા ૪-૦૦

# ભૂમિકા

આજે દાર્શનિક સત્ય સિદ્ધાંતોના જ્ઞાનથી તદ્દન અજાણ, માત્ર રૂપ-રસ-ગંધ વગેરે પાંચ ભૌતિક વિષયોમાં જ આસક્ત રહેતી, પ્રકૃતિ-પૂજક નાસ્તિક વ્યક્તિઓ પોતાનાં અધૂરા વિજ્ઞાન, કુતર્ક તથા હેત્વાભાસો (ખંડિત થઈ જાય તેવા તર્કો) પ્રસ્તુત કરીને પરમ પાવન પરમેશ્વરની સત્તા (અસ્તિત્વ)નો નિષેધ કરી રહી છે, અને આસ્તિક લોકોની ધાર્મિક માન્યતાઓનું ખંડન કરવાનો પણ અસફળ પ્રયાસ કરી રહી છે. જેના પરિણામે આજે સર્વત્ર "ઈશ્વર નામની કોઈ વસ્તુ નથી, એ તો માત્ર એક કલ્પના છે; અને જો સંસારમાં કોઈ ઈશ્વર નામનો પદાર્થ હોય, તોપણ આપણાં જીવનમાં તેની કોઈ ઉપયોગિતા કે જરૂરત નથી" - આ પ્રકારની માન્યતા લોકમાનસમાં વિસ્તૃત થઈ રહી છે.

એટલું જ નહિ, બલ્કે કેટલાક નાસ્તિકો તો ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરનારને લાખો રૂપિયાનું ઈનામ આપવાની ઘોષણા કરવાનું દુસ્સાહસ પણ કરી ચૂક્યા છે. આ બધાંનું પરિણામ એ આવી રહ્યું છે કે જનમાનસમાં નાસ્તિકતાનાં મૂળ ઊંડાં ને ઊંડાં ઊતરતાં જાય છે. નાસ્તિકતાની આ આંધીનો પ્રતિવાદ દેશના હજારો મત-પંથ-સંપ્રદાયના અનુયાયીઓ ક્યારેય કરી શકવાના નથી; કારણ કે સત્ય-સનાતન વૈદિક શાસ્ત્રોના સૂક્ષ્મ સિદ્ધાંતોથી અપરિચિત એવા આ સંપ્રદાયવાદીઓએ ઈશ્વર, ધર્મ, પૂજા, ઉપાસના અને કર્મકાંડનાં એવાં તો વિકૃત અને અવૈજ્ઞાનિક સ્વરૂપો અપનાવી રાખ્યાં છે કે જે કોઈ પણ



બુદ્ધિજીવીના મસ્તિષ્કમાં બેસે તેમ નથી. પ્રથમ તો આ મત-પંથ-સંપ્રદાયવાળાઓ નાસ્તિકોની સાથે વાદવિવાદ જ નથી કરતા, અને જો કોઈ રીતે હિંમત કરીને તૈયાર પણ થાય તો થોડી જ વારમાં નાસ્તિકોના પ્રબળ કુતર્કો તથા હેત્વાભાસો સમક્ષ તેઓ પરાસ્ત થઈ જાય છે.

પરંતુ સદ્‌ભાગ્યે આજે પણ મહર્ષિ ગૌતમ, મહર્ષિ કપિલ અને મહર્ષિ કણાદ વગેરે મહાનુભાવોના દાર્શનિક ગ્રંથોમાં એ પદ્ધતિ મોજૂદ છે, જેનો આશ્રય લઈને આપણે નાસ્તિકતા સંબંધિત જે પ્રશ્નો આજ સુધીમાં ઉઠાવવામાં આવ્યા છે, આજે ઉઠાવવામાં આવી રહ્યા છે, અને ભવિષ્યમાં પણ ઉઠાવવામાં આવશે - તે તમામ પ્રશ્નોના તર્કપૂર્ણ ઉત્તર આપી શકીએ છીએ. આ નાનકડા પુસ્તકમાં કેટલાક સંવાદો ઉદાહરણ રૂપે પ્રસ્તુત કરવામાં આવ્યા છે. આશા છે કે જિજ્ઞાસુ લોકો આ સંવાદો વાંચીને તેનો જરૂર લાભ ઉઠાવશે.

— જ્ઞાનેશ્વરાર્યઃ

દર્શન યોગ મહાવિદ્યાલય
આર્ય વન - રોજડ

# <u>પ્રથમ સંવાદ</u>

## નાસ્તિક વ્યક્તિ દ્વારા પ્રયુક્ત પંચ-અવયવ :

**૧. પ્રતિજ્ઞા - ઈશ્વર નથી.**
**૨. હેતુ - દેખાતો ન હોવાથી. જે જે વસ્તુ દેખાતી નથી, તે તે વસ્તુ હોતી નથી.**
**૩. ઉદાહરણ - જેમ કે, સસલાનું શિંગડું.**
**૪. ઉપનય - સસલાના શિંગડાની જેમ જ ઈશ્વર દેખાતો નથી.**
**૫. નિગમન - એટલા માટે, દેખાતો ન હોવાને કારણે ઈશ્વર નથી.**

**વ્યાખ્યા :** નાસ્તિકો તરફથી આસ્તિકો ઉપર આજકાલ ખૂબ જ ભારપૂર્વક એ આક્ષેપ કરવામાં આવે છે કે, સંસારમાં ઈશ્વર નામની કોઈ વસ્તુ છે જ નહીં. જો હોત તો તે આંખો વડે જરૂર દેખાત. જેમ કે, ભૂમિ, પાણી, અગ્નિ વગેરે વસ્તુઓ દેખાય છે. પરંતુ આજ સુધીમાં એક પણ ઈશ્વર-વિશ્વાસુએ ન તો પોતાની આંખોથી એ કાલ્પનિક ઈશ્વરને જોયો છે, અને ન તો તેઓ કોઈ બીજા અવિશ્વાસુને તે દેખાડી શક્યા છે. આસ્તિક લોકો 'ઈશ્વર-ઈશ્વર'નું તો દિવસ-રાત રટણ કરતાં રહે છે, પરંતુ હકીકતમાં આ 'ઈશ્વર' શબ્દની પાછળ સત્તાત્મક - અસ્તિત્વ ધરાવતી - વસ્તુ તો કોઈ છે જ નહીં. પરંતુ જેમ 'સસલાનું શિંગડું', 'આકાશનું ફૂલ' કે 'વંધ્યાનો પુત્ર' હોતો નથી, છતાંય કહેવા-બોલવામાં આવે છે, તેવી જ રીતે વાસ્તવમાં 'ઈશ્વર' પણ છે નહીં, પરંતુ માત્ર કહેવા-બોલવામાં જ આવે છે. અમે વિજ્ઞાનને માનનારાઓ તો ફક્ત એ જ વસ્તુઓને માનીએ છીએ કે જે આંખોથી, માઈક્રોસ્કોપથી કે ટેલિસ્કોપથી નજરે પડે. એટલે કે અમે લોકો ફક્ત પ્રત્યક્ષ-પ્રમાણને જ માનીએ છીએ; અનુમાન અને શબ્દ-પ્રમાણને અમે માનતા નથી.



## આસ્તિક વ્યક્તિ દ્વારા પ્રયુક્ત પંચ-અવયવ :

**૧. પ્રતિજ્ઞા - ઈશ્વર છે.**
**૨. હેતુ - શુદ્ધ અંતઃકરણ ધરાવતા આત્મા દ્વારા દેખાતો (અનુભવ કરવામાં આવતો) હોવાથી.**
**૩. ઉદાહરણ - સુખ-દુઃખ વગેરેની સમાન.**
**૪. ઉપનય - જેવી રીતે આત્મા સુખ-દુઃખ વગેરેનો અનુભવ મન વગેરે અંતઃકરણ દ્વારા કરે છે, નહિ કે આંખ, નાક વગેરે જ્ઞાનેન્દ્રિયો દ્વારા, તેવી જ રીતે આત્મા ઈશ્વરનો અનુભવ અંતઃકરણ દ્વારા કરે છે, નહિ કે નેત્ર વગેરે ઇન્દ્રિયો દ્વારા.**
**૫. નિગમન - એટલા માટે, શુદ્ધ અંતઃકરણ ધરાવતા આત્મા દ્વારા ઈશ્વર પ્રત્યક્ષ થતા હોવાથી ઈશ્વરની સત્તા સિદ્ધ થાય છે.**

**વ્યાખ્યા :** સૌ પ્રથમ આપણે એ વાતનો વિચાર કરીએ કે શું ઈશ્વર જ એક એવી વસ્તુ છે, જે આંખોથી દેખાતી નથી ? કે પછી બીજી પણ આ જ પ્રકારની કેટલીક વસ્તુઓ છે, જે આંખોથી દેખાતી નથી ? જો થોડો ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવે તો સમજાશે કે સંસારમાં એક નહિ, બલ્કે અનેક એવી વસ્તુઓ છે, જે આંખોથી દેખાતી નથી અને છતાંય લોકો તેને માને છે, અને તેનાથી કામ લે છે. જેમ કે, સુખ-દુઃખ, ભૂખ-તરસ, ઈર્ષા-દ્વેષ, મન-બુદ્ધિ, શબ્દ, ગંધ, વાયુ વગેરે. આમાંની એક પણ વસ્તુ એવી નથી કે જે આંખોથી દેખાતી હોય; અને છતાંય નાસ્તિક લોકો આ વસ્તુઓનો સ્વીકાર કરે છે. તો પછી ઈશ્વર સાથે જ એવો અન્યાય શા માટે કે તે દેખાતો નથી એટલા માટે અમે તેને માનતા નથી ?

બુદ્ધિપૂર્વક વિચાર કરવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે, આંખોથી કોઈ વસ્તુનું દેખાઈ ન પડવું એ એક વાત છે, અને તે વસ્તુનું સત્તા રૂપે ન હોવું એ બીજી વાત છે. એવો કોઈ નિયમ નથી કે, જે વસ્તુ આંખોથી દેખાઈ ન દે તે વસ્તુ સત્તા રૂપે પણ ન જ હોય.

'સસલાનું શિંગડું', 'આકાશનું ફૂલ' કે 'વંધ્યાનો પુત્ર' વગેરે જે ઉદાહરણો આપ લોકોએ પોતાના પક્ષના સમર્થનમાં આપ્યાં છે, તે વસ્તુઓ તો સાચે જ સત્તાત્મક હોતી નથી, માત્ર તેની કલ્પના જ કરી લેવામાં આવે છે. આવી વસ્તુઓનું કે જે ભાવ રૂપે હોતી જ નથી, તેનું આંખોથી ન દેખાઈ પડવું એ તો અમે પણ માનીએ છીએ, પરંતુ કેટલીક એવી વસ્તુઓ કે જેને કોઈ કારણસર આપણે આંખોથી જોઈ શકતા નથી, તેને ન માનવી એ યોગ્ય નથી. જેમ કે, અગાઉ જે ઉદાહરણો આપ્યાં છે તે વાયુ, સુખ-દુ:ખ, ભૂખ-તરસ, શબ્દ, ગંધ વગેરે. આ બધાં આંખોથી નજરે ન પડતાં હોવાં છતાંય સત્તાત્મક છે. આવી જ રીતે ઈશ્વર પણ આંખોથી નજરે ન પડતો હોવા છતાંય તે એક સત્તાત્મક પદાર્થ છે, અને તે પ્રત્યક્ષ પણ થાય છે.

અને આપ લોકોનું એમ કહેવું કે 'અમે લોકો ફક્ત પ્રત્યક્ષ-પ્રમાણને જ માનીએ છીએ, અને અનુમાન તથા શબ્દ-પ્રમાણને માનતા નથી' - એ પણ ઠીક નથી, કારણ કે હકીકતમાં એવું નથી. આજે પ્રત્યેક ભૌતિક વૈજ્ઞાનિક તેમ જ વિજ્ઞાનનો પ્રત્યેક વિદ્યાર્થી પ્રત્યક્ષની સાથે સાથે અનુમાન તથા શબ્દ-પ્રમાણનો પણ સ્વીકાર કરે છે. ઉદાહરણ તરીકે, પૃથ્વીની ગુરુત્વાકર્ષણ-શક્તિ, વિદ્યુત-તરંગો, આલ્ફા, બીટા, ગામા તથા ક્ષ-કિરણો (એક્સ-રે) વગેરેને કોઈ પણ વૈજ્ઞાનિકે આજ સુધી પોતાની આંખોથી કદી જોયાં નથી, છતાંય બધા વૈજ્ઞાનિકો તેની સત્તાનો સ્વીકાર કરે છે.

આવી જ રીતે એક પણ વૈજ્ઞાનિકે આ પૃથ્વીને બનતી જોઈ નથી, તેમ છતાંય તેઓ અનુમાનના આધારે એમ માને છે કે આપણી આ પૃથ્વી લગભગ આટલાં વર્ષો અગાઉ બની હશે. એક પણ વૈજ્ઞાનિકે પોતાના પિતાની સાતમી પેઢીની વ્યક્તિને જોઈ નથી, તોપણ શું તે પોતાના પિતાની સાતમી પેઢીની સત્તાનો ઈન્કાર કરી શકે છે ? આ બધાં અનુમાન પ્રમાણનાં ઉદાહરણો છે.

વિજ્ઞાનનો પ્રત્યેક વિદ્યાર્થી ન્યૂટન, આઈન્સ્ટાઈન વગેરે જેવા



મહાન વૈજ્ઞાનિકોએ ઘડેલા ગુરુત્વાકર્ષણ અને ગતિ વગેરેના નિયમોને, જાતે પરિક્ષણ કર્યા વિના જ માત્ર પુસ્તકો વાંચીને જ તેને યથાવત્ સ્વીકારી લે છે. આ જ રીતે જે જે વૈજ્ઞાનિકોએ સૂર્યના આકાર, પરિઘ, તાપમાન, વજન વગેરે સંબંધમાં જે જે વિગતો આપી છે તથા આકાશગંગાના તારાઓ, તેનું એકબીજાથી અંતર, તેની ગતિ વગેરે વિશે જે જે વાતો લખી છે, તેને વિજ્ઞાનનો પ્રત્યેક વિદ્યાર્થી સત્ય સ્વીકાર કરે છે. આ જ રીતે ઈલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યૂટ્રોનને પણ બધા જ વિદ્યાર્થીઓ કંઈ સૂક્ષ્મદર્શક યંત્રથી પ્રત્યક્ષ જોતા નથી, છતાંય તેઓ વૈજ્ઞાનિકોએ કહેલી એ સંબંધી વાતોને સત્ય માને છે. આ બધાં શબ્દ-પ્રમાણનો સ્વીકાર કરવાનાં ઉદાહરણો છે.

જેવી રીતે વિજ્ઞાનના ક્ષેત્રમાં વસ્તુઓ ત્રણ પ્રમાણોથી સિદ્ધ થાય છે, અને તેને માનવામાં આવે છે, તેવી જ રીતે ઈશ્વર પણ ત્રણ પ્રમાણોથી સિદ્ધ થાય છે, માટે તેની સત્તાને પણ જરૂર માનવી જોઈએ. પરંતુ ઈશ્વરનું પ્રત્યક્ષ જ્ઞાન નેત્ર વગેરે ઈન્દ્રિયોથી થતું નથી, બલ્કે મન વગેરે અંત:કરણથી થાય છે. ઈશ્વરની સિદ્ધિ ત્રણેય પ્રમાણોથી થાય છે, જેને આપણે નિમ્ન પ્રકારે સમજી શકીએ છીએ :

## પ્રત્યક્ષ-પ્રમાણથી ઈશ્વરની સિદ્ધિ :

પ્રત્યક્ષ બે પ્રકારનું હોય છે : એક બાહ્ય અને બીજું આંતરિક. નેત્ર વગેરે ઈન્દ્રિયોથી રૂપ વગેરે વિષય ધરાવતી વસ્તુઓનું જે પ્રત્યક્ષ થાય છે તે 'બાહ્ય-પ્રત્યક્ષ' કહેવાય છે; અને મન, બુદ્ધિ વગેરે અંત:કરણથી સુખ-દુ:ખ, રાગ-દ્વેષ, ભૂખ-તરસ વગેરેનું જે પ્રત્યક્ષ થાય છે તે 'આંતરિક-પ્રત્યક્ષ' કહેવાય છે.

જેવી રીતે રૂપ વગેરે વિષય ધરાવતી વસ્તુને જોવા માટે નેત્ર વગેરે ઈન્દ્રિયોનું સ્વસ્થ, સ્વચ્છ તથા કાર્યક્ષમ હોવું જરૂરી છે, તેવી જ રીતે આત્મા-પરમાત્માને પ્રત્યક્ષ કરવા માટે મન, બુદ્ધિ વગેરે અંત:કરણનું પણ સ્વસ્થ તથા

પવિત્ર હોવું અનિવાર્ય છે. જે રીતે આંખમાં ધૂળ પડવાથી, સૂજી જવાથી કે મોતિયો આવી જવાથી વસ્તુ દેખાતી નથી, તેવી જ રીતે રાગ-દ્વેષ વગેરેના કારણે મન વગેરે અંતઃકરણના અપવિત્ર કે રજોગુણના કારણે ચંચળ થઈ જવાથી આત્મા-પરમાત્મા પ્રત્યક્ષ થતા નથી. જેમ નેત્ર વગેરે બાહ્ય ઇન્દ્રિયોથી સુખ-દુઃખ વગેરે વિષયોનું પ્રત્યક્ષ નથી થતું, ફક્ત રૂપ-રસ વગેરે વિષયોનું જ પ્રત્યક્ષ થાય છે, તેવી જ રીતે આત્મા-પરમાત્મા, મન-બુદ્ધિ વગેરે સૂક્ષ્મ વિષયોનું પ્રત્યક્ષ પણ નેત્ર વગેરે ઇન્દ્રિયોથી નથી થતું, બલ્કે મન વગેરે અંતઃકરણથી થાય છે. ઈશ્વરને પ્રત્યક્ષ કરવાની આ પદ્ધતિ છે.

## અનુમાન-પ્રમાણથી ઈશ્વરની સિદ્ધિ :

આ જ રીતે અનુમાન-પ્રમાણથી પણ ઈશ્વરની સિદ્ધિ થાય છે. કોઈ પણ વસ્તુ જેવી કે મકાન, ટ્રેન, ઘડિયાળ વગેરે તેના બનાવનારા વગર આપમેળે જ બની શકતી નથી. ભલે આપણે મકાન, ટ્રેન, ઘડિયાળ વગેરેના બનાવનારાઓને આપણી આંખોથી પ્રત્યક્ષ ન પણ જોયા હોય, તોપણ એ વસ્તુઓના બનાવનારાઓની સત્તાઓને આપણે માનીએ જ છીએ. બિલકુલ આવી જ રીતે વૈજ્ઞાનિક લોકો આ પૃથ્વી, સૂર્ય વગેરેની ઉત્પત્તિ કરોડો વર્ષો પહેલાં થઈ હોવાનું માને છે. આથી પણ સાબિત થાય છે કે આ પૃથ્વી, સૂર્ય વગેરેને બનાવનારો પણ કોઈ ને કોઈ જરૂર છે જ. કારણ કે જેમ પેલી ટ્રેન વગેરે વસ્તુઓ પોતાની મેળે બની શકતી નથી, તેમ આ પૃથ્વી, સૂર્ય વગેરે જડ પદાર્થો પણ પોતાની મેળે બની શકતા નથી. અને ન તો સૂર્ય વગેરેને મનુષ્ય લોકો બનાવી શકે છે, કારણ કે મનુષ્યોમાં એટલું સામર્થ્ય અને જ્ઞાન નથી. એટલા માટે જે આ પૃથ્વી, સૂર્ય વગેરે પદાર્થોને બનાવે છે તે જ સત્તા ઈશ્વર છે.

## શબ્દ-પ્રમાણથી ઈશ્વરની સિદ્ધિ :

જે સાધકોએ (ઋષિઓએ) યોગનાં યમ-નિયમ વગેરે આઠ અંગોનું અનુષ્ઠાન કરીને પોતાનાં મન વગેરે અંતઃકરણને એકાગ્ર અને પવિત્ર



બનાવ્યાં છે, તેઓનું કહેવું છે કે સમાધિ અવસ્થામાં આત્મા-પરમાત્મા પ્રત્યક્ષ થાય છે. પરંતુ આ પ્રત્યક્ષ નેત્ર વગેરે ઇન્દ્રિયોથી થતાં બાહ્ય પ્રત્યક્ષ જેવું રંગ-રૂપવાળું ન હોઈ, સુખ-દુઃખ વગેરેની જેમ આંતરિક અનુભૂતિ છે. ઋષિઓનો અનુભવ નિમ્ન પ્રકારનો છે, જે અમારા માટે શબ્દ-પ્રમાણ છે :

**सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा सम्यग् ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् ।**
**अन्तः शरीरे ज्योतिर्मयो हि शुभ्रो यं पश्यन्ति यतयः क्षीणदोषाः ॥**

- મુંડકોપનિષદ્ : ૩.૧.૫

**અર્થ :** આ ભગવાન (ઈશ્વર) સદા સત્ય આચરણથી, તપથી, યથાર્થ જ્ઞાનથી અને બ્રહ્મચર્યથી પ્રાપ્ત થાય છે. તે શરીરની અંદર જ પ્રકાશમય (જ્ઞાનસ્વરૂપ) અને શુદ્ધ (પવિત્ર) સ્વરૂપે વિદ્યમાન છે. યોગી લોકો રાગ-દ્વેષ વગેરે દોષોને નષ્ટ કરીને સમાધિમાં તેને જુએ છે, તેનો અનુભવ કરે છે.

જેમ વૈજ્ઞાનિકોએ પૃથ્વી, સૂર્ય, આકાશગંગા વગેરેના સંબંધમાં આપેલાં વિવરણોનો શબ્દ-પ્રમાણ રૂપે સ્વીકાર કરવામાં આવે છે, કારણ કે એ લોકો એ વિષયોને ઠીક ઠીક જાણે છે; એવી જ રીતે ઋષિઓના પણ ઈશ્વર સંબંધી વિવરણને શબ્દ-પ્રમાણ રૂપે અવશ્યરૂપે સ્વીકાર કરવું જોઈએ; કારણ કે તેઓએ પણ સમાધિના માધ્યમથી ઈશ્વરને ઠીક ઠીક જાણ્યો છે.

એટલા માટે ત્રણેય પ્રમાણોથી ઈશ્વરની સત્તા સિદ્ધ છે. નાસ્તિક લોકોએ ઉપરોક્ત ત્રણેય પ્રમાણો પર વિશેષ ધ્યાન આપવું જોઈએ અને શુદ્ધ અંતઃકરણથી આત્મા દ્વારા થતાં આંતરિક પ્રત્યક્ષનો સ્વીકાર કરવો જોઈએ. એ જ ન્યાયસંગત વાત કહેવાય. નહિ તો પછી જેને આંખોથી જોઈ શકાતા નથી તેવા વાયુ, શબ્દ, ગંધ, સુખ-દુઃખ, મન-બુદ્ધિ, ભૂખ-તરસ, દર્દ વગેરેને તેમ જ પૃથ્વીની ગુરુત્વાકર્ષણ-શક્તિ, વિદ્યુત-તરંગો, આલ્ફા, બીટા, ગામા અને ક્ષ-કિરણો વગેરેને પણ માનવાનું છોડી દો. જો એ બધાંને માનવાનું નથી છોડતા, તો પછી ઈશ્વરની સત્તાનો પણ સ્વીકાર કરો.

# બીજો સંવાદ

## નાસ્તિક દ્વારા ઈશ્વરની સત્તાનું ખંડન :

૧. પ્રતિજ્ઞા - ઈશ્વર નથી.
૨. હેતુ - સંસાર આપમેળે જ બની જતો હોવાથી.
૩. ઉદાહરણ - જેમ કે, જંગલનાં વૃક્ષ-વનસ્પતિઓ.
૪. ઉપનય - જંગલી વૃક્ષોની જેમ જ સંસાર આપમેળે જ બની જાય છે.
૫. નિગમન - એટલા માટે, સંસાર આપમેળે જ બની જતો હોવાથી (તેનો કોઈ કર્તા) ઈશ્વર નથી.

**વ્યાખ્યા :** તમે આસ્તિક લોકો ઈશ્વરના હોવામાં એ અનુમાન કરો છો કે, સંસાર એક બનાવવામાં આવેલી વસ્તુ છે, જે કોઈના બનાવ્યા વિના બની શકતી નથી, માટે તેનો બનાવનાર કોઈ છે. પરંતુ તમારી આ વાતમાં કોઈ દમ નથી, કારણ કે આપણે સ્પષ્ટ જોઈએ જ છીએ કે દર વર્ષે જંગલોમાં હજારો અને લાખોની સંખ્યામાં વૃક્ષ-વનસ્પતિઓ, ઔષધિઓ, લતાઓ, કંદમૂળ, ફળ વગેરે પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે, વધે છે, અને નાશ પામે છે; તેનો કોઈ કર્તા દેખાતો નથી. આવી જ રીતે સંસારના પૃથ્વી, સૂર્ય, ચંદ્ર વગેરે પદાર્થો પણ પોતાની મેળે જ બને છે, ભ્રમણ કરે છે અને નષ્ટ થઈ જાય છે. તેને બનાવવા-ચલાવવા માટે કોઈ કર્તાની જરૂર નથી. એટલા માટે તમારો કાલ્પનિક ઈશ્વર અસિદ્ધ છે.

## આસ્તિક દ્વારા ઈશ્વરની સત્તાનું મંડન :

૧. પ્રતિજ્ઞા - ઈશ્વર (સંસારનો કર્તા) છે.
૨. હેતુ - પૃથ્વી, સૂર્ય વગેરે વસ્તુઓ કર્તા વગર, પોતાની મેળે જ બની શકતી ન હોવાથી.
૩. ઉદાહરણ - ઘડિયાળ, ટેપરેકર્ડર, મકાન વગેરેની જેમ.
૪. ઉપનય - જેમ ઘડિયાળ, ટેપરેકર્ડર, મકાન વગેરે કાર્ય-વસ્તુઓ



(અર્થાત્ સંયોગજન્ય વસ્તુઓ) બનાવવામાં આવે છે, એવી જ રીતે પૃથ્વી, સૂર્ય વગેરે વસ્તુઓ પણ બનાવવામાં આવે છે.
૫. નિગમન - એટલા માટે, પૃથ્વી, સૂર્ય વગેરે કાર્ય-વસ્તુઓ પોતાની મેળે જ બની શકતી ન હોવાથી (તેનો કર્તા) ઈશ્વર સિદ્ધ છે.

**વ્યાખ્યા :** પ્રથમ વિચારણીય વિષય એ છે કે શું કોઈ કાર્ય-વસ્તુ પોતાની મેળે જ બની જાય છે, કે પછી કોઈ કર્તા દ્વારા તેને બનાવવામાં આવે તો જ બને છે ? સંસારમાં આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે મકાન વગેરે કાર્ય-વસ્તુઓ માટે કડિયા, મજૂર વગેરે (નિમિત્ત-કારણ અર્થાત્ કર્તા)ની જરૂર પડે છે. કડિયા, મજૂર વિના મકાન કદાપિ બની શકતું નથી. તો પછી પૃથ્વી, સૂર્ય, ચંદ્ર વગેરે કાર્ય-વસ્તુઓ માટે કોઈ નિમિત્ત-કારણ અર્થાત્ કર્તાની - ઈશ્વરની - જરૂર કેમ નહિ પડે ? જરૂર પડવાની. કેમ કે, પ્રત્યેક કાર્ય માટે નિમિત્ત-કારણ અર્થાત્ કર્તાનો નિયમ અવશ્ય જોવા મળે છે.

જેમ પેન, પુસ્તક, મેજ, ખુરશી, પલંગ, પંખો, રેડિયો, ઘડિયાળ, મોટર, ટ્રેન, વિમાન વગેરે વસ્તુઓને બનાવનારા કર્તાના રૂપમાં મનુષ્ય લોકો જ હોય છે. શું આ બધી વસ્તુઓ કોઈ બનાવનારા વગર જ પોતાની મેળે જ બની શકે છે ? કદાપિ નહીં. 'બનાવનારા વગર કોઈ વસ્તુ પોતાની મેળે બની શકતી નથી' - આ જ નિયમને પ્રાચીન ભારતીય મહાન વૈજ્ઞાનિક મહર્ષિ કણાદે પણ સ્વીકાર કર્યો છે : **'कारणाऽभावात् कार्याऽभावः ।'** (વૈશેષિક દર્શન : ૧.૨.૧) અર્થાત્ કારણ ન હોવાથી કાર્ય કદી થતું નથી. આપે પૃથ્વી વગેરે કાર્ય-વસ્તુઓના આપમેળે જ બની જવાની પુષ્ટિમાં જંગલનાં વૃક્ષો વગેરેનું જે ઉદાહરણ આપ્યું છે, તે ઠીક નથી. કારણ કે ઉદાહરણ એવું હોવું જોઈએ કે જે પક્ષ અને વિપક્ષ બંનેને સમાનરૂપે માન્ય હોય. જેમ કે, ન્યાયદર્શનકાર મહર્ષિ ગૌતમે પોતાના ન્યાયદર્શન નામના ગ્રંથમાં લખ્યું છે : **'लौकिक-परीक्षकाणां यस्मिन्नर्थे बुद्धिसाम्यं स दृष्टान्तः ।'** (ન્યાયદર્શન : ૧.૧.૨૫) અર્થાત્ જે વસ્તુને સામાન્ય મનુષ્ય અને વિદ્વાન મનુષ્ય બંને એક સ્વરૂપે સ્વીકાર કરતા હોય, તેને દૃષ્ટાંત અથવા ઉદાહરણ કહેવામાં આવે

છે. જેમ કે, 'આગ બાળે છે' આ વાતને સૌ માને છે - આપ પણ અને અમે પણ.

અમે જંગલનાં વૃક્ષોને કોઈ કર્તા વિના આપમેળે જ ઉત્પન્ન થઈ ગયેલ માનતા નથી. તે વૃક્ષોનો પણ કોઈ કર્તા છે, અને તે છે : સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વશક્તિમાન ઈશ્વર. જેમ અમે અમારા પક્ષની પુષ્ટિમાં જે મકાન વગેરેનાં ઉદાહરણો આપ્યાં છે તે આપને પણ માન્ય છે, તેવી જ રીતે આપ લોકોએ પણ કોઈ પણ કર્તા વિના પોતાની મેળે જ બની ગઈ હોય તેવી વસ્તુનું એવું ઉદાહરણ આપવું જોઈએ, જે અમને પણ માન્ય હોય. અમારી દૃષ્ટિએ તો સંસારમાં પોતાની મેળે જ બની ગઈ હોય તેવી વસ્તુનું એક પણ ઉદાહરણ નહિ મળે. કારણ કે એ સત્ય સિદ્ધાંત છે કે 'પોતાની મેળે કોઈ વસ્તુ બની જ નથી શકતી.' જ્યારે બની જ નથી શકતી, તો પછી ઉદાહરણ પણ નહિ જ મળે. અને જ્યારે ઉદાહરણ જ નહિ મળે, તો પછી આપના પક્ષની સિદ્ધિ શી રીતે થઈ શકશે ? કારણ કે ઉદાહરણ વગર તો કોઈ પણ પક્ષ સિદ્ધ થઈ શકતો નથી. એટલા માટે, ઉદાહરણના અભાવે આપનો પક્ષ સિદ્ધ થતો નથી.

આપ લોકોએ જે સૂર્ય વગેરે પદાર્થોની કોઈ પણ કર્તા વિના જ બની જવાની વાત કહી છે તે વાત પર ગંભીરતાથી વિચાર કરો. એ તો આપ પણ માનો છો કે પૃથ્વી વગેરે પદાર્થો જડ છે, અને તે પ્રકૃતિના નાના નાના પરમાણુઓના પરસ્પર મળવાથી બન્યા છે. આ બધા પરમાણુઓ પણ જડ છે. તેમાં જ્ઞાન કે ચેતના તો છે નહીં. તો પછી એ બધા પરમાણુઓ પોતાની મેળે પરસ્પર મળીને પૃથ્વી વગેરેના રૂપમાં શી રીતે આવી (બની) શકે છે ? આ અંગે ચાર પક્ષ હોઈ શકે છે :

૧. જો આપ કહો કે આ બધા પરમાણુઓમાં પરસ્પર ભેગા થઈને પૃથ્વી વગેરેના રૂપમાં બની જવાનો સ્વભાવ છે, તો એક વાર ભેગા થઈને આ પરમાણુઓ પૃથ્વી વગેરે પદાર્થોનું સ્વરૂપ તો ધારણ કરી લેશે, પરંતુ તે અલગ ક્યારેય નહિ થાય અર્થાત્ પ્રલય ક્યારેય નહીં થાય. કારણ કે એક જડ વસ્તુમાં એક સમયે બે વિરુદ્ધ ધર્મો (ભેગા થવું અને અલગ-અલગ



થવું) સ્વાભાવિક હોઈ શકતા નથી.

૨. જો આપ કહો કે આ બધા પરમાણુઓમાં અલગ-અલગ રહેવાનો સ્વભાવ છે, તો પછી એ પરસ્પર ભેગા થઈને પૃથ્વી વગેરેનું રૂપ ધારણ કરી જ નહિ શકે. કારણ કે કોઈ પણ વસ્તુ પોતાના સ્વભાવ-વિરુદ્ધ કાર્ય કરી શકતી નથી. આવી સ્થિતિમાં સંસાર શી રીતે બનશે ?

૩. જો કહો કે કેટલાક પરમાણુઓમાં ભેગા થવાનો સ્વભાવ છે અને કેટલાકમાં અલગ-અલગ રહેવાનો સ્વભાવ છે, તો એવી અવસ્થામાં જો ભેગા થવાનો સ્વભાવ ધરાવતા પરમાણુઓની અધિકતા હશે તો સંસાર બની તો જશે, પરંતુ તે નષ્ટ નહીં થાય; અને જો અલગ-અલગ રહેવાનો સ્વભાવ ધરાવતા પરમાણુઓની અધિકતા હશે તો સંસાર બનશે જ નહિ, કારણ કે જે પરમાણુઓ અધિક હશે તેની શક્તિ પણ અધિક રહેવાની અને તે પરમાણુઓ પોતાના સ્વભાવ મુજબનું કાર્ય સિદ્ધ કરી લેશે.

૪. અને જો કહો કે ભેગા થવાનો અને અલગ-અલગ રહેવાનો સ્વભાવ ધરાવતા પરમાણુઓની સરખી માત્રામાં છે, તો એવી અવસ્થામાં પણ સંસાર નહિ બને, કેમ કે બંને પ્રકારના પરમાણુઓ વચ્ચે સતત સંઘર્ષ ચાલતો જ રહેશે.

આ ચારેયમાંથી એક પણ પક્ષ સંસારના પદાર્થોના બનવા-બગડવાની (ઉત્પત્તિ તથા નાશની) સિદ્ધિ કરી શકતો નથી, કે જે સંસારમાં પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી ઉપલબ્ધ છે. જો આપ એમ કહો કે એક સ્વ-ચાલિત યંત્ર (ઓટોમેટિક મશીન)ની જેમ પ્રકૃતિના પરમાણુઓનું પોતાની મેળે સંસારના રૂપમાં બનવું અને બગડવું ચાલતું જ રહે છે, તો આપનું આ દૃષ્ટાંત પણ ઠીક નથી. કારણ કે સ્વ-ચાલિત યંત્રને પણ સ્વ-ચાલિત બનાવનાર કોઈ ચેતન કર્તા હોય જ છે. આથી 'કર્તા વિના કોઈ કાર્ય-વસ્તુ (સંયોગજન્ય વસ્તુ) બનતી નથી' આ સિદ્ધાંત અમે અનેક ઉદાહરણોથી સારી રીતે સિદ્ધ કરી દીધો છે.

હવે આપ મહાન ભૌતિક વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યૂટનના ગતિના નિયમની સાથે પણ તમારી 'સ્વભાવથી સંસાર બની ગયા'ની વાતની તુલના કરી જુઓ. ન્યૂટનનો નિયમ કહે છે : "A body in a state of rest or of motion will continue in its state of rest or of motion until an external force is applied."

અર્થાત્ "કોઈ પણ સ્થિર પદાર્થ ત્યાં સુધી પોતાની સ્થિર અવસ્થામાં જ રહેશે, જ્યાં સુધી કોઈ બાહ્ય-બળથી તેને ગતિ ન આપવામાં આવે; અને કોઈ પણ ગતિશીલ પદાર્થ ત્યાં સુધી પોતાની ગતિશીલ અવસ્થામાં જ રહેશે, જ્યાં સુધી કોઈ બાહ્ય-બળથી તેને રોકવામાં ન આવે."

હવે પ્રશ્ન એ છે કે સંસાર બન્યો તે પહેલાં પરમાણુઓ જો સ્થિતિ-અવસ્થામાં હતા, તો તેને ગતિ કોણે આપી ? અને જો તે પરમાણુઓ સીધી લીટીમાં ગતિ કરી રહ્યા હતા, તો તેની એ ગતિમાં પરિવર્તન કોણે કર્યું, કે જેને કારણે એ પરમાણુઓ સંયુક્ત થઈને પૃથ્વી વગેરે પદાર્થોના રૂપમાં પરિણત થઈ ગયા ? સ્થિર વસ્તુને ગતિ આપવી અને ગતિશીલ વસ્તુની દિશામાં પરિવર્તન કરવું, એ બંને કાર્યો ચેતન કર્તા વિના થઈ જ નથી શકતાં. ન્યૂટને તેના ઉક્ત નિયમમાં આ 'કર્તા'નો સ્વીકાર 'બાહ્ય-બળ' ('external force')ના નામથી કર્યો છે.

સંસારની ઘટનાઓનું ગંભીરતાપૂર્વક અધ્યયન કરવાથી સમજાય છે કે સંસારની વિશાળતા, વિવિધતા, નિયમબદ્ધતા, પરસ્પર ઐક્યભાવ, સૂક્ષ્મ રચના-કૌશલ, નિરંતર સંયોગ-વિયોગ, પ્રયોજનની સિદ્ધિ આ બધું પેલા ચેતનાશૂન્ય (જડ) પરમાણુઓનું કાર્ય કદાપિ ન હોઈ શકે. આ સર્વની પાછળ કોઈ બુદ્ધિમાન, સર્વવ્યાપક, અત્યંત શક્તિશાળી, ચેતન કર્તા-શક્તિનો જ હાથ સુનિશ્ચિત છે, અને તેને જ અમે 'ઈશ્વર' કહીએ છીએ.

અમે આપ સ્વભાવવાદીઓને પૂછીએ છીએ કે જડ પરમાણુરૂપ પ્રકૃતિ ખેતરમાં ઘઉં, ચણા, ડાંગર સુધી બનીને જ કેમ અટકી ગઈ ?



ઘઉંમાંથી લોટ, અને આગળ લોટમાંથી રોટલી બનીને તે આપણી થાળીમાં કેમ ન આવી ગઈ ? ગાય-ભેંસના શરીરમાં તે દૂધ સુધી જ કેમ સીમિત રહી ? દૂધમાંથી માવો, અને પછી એ માવામાંથી બરફી કેમ ન બની ? તે પ્રકૃતિ કપાસ સુધી જ સીમિત કેમ રહી ? તે આગળ વધીને રૂ, અને રૂમાંથી સૂતર, કાપડ અને તેમાંથી આપણાં પાટલૂન-શર્ટ વગેરે કેમ ન બની ? અમારા આ પ્રશ્નોનું આપની પાસે શું સમાધાન છે ?

અમારા પક્ષ અનુસાર આનું સમાધાન એ છે કે કાર્ય-વસ્તુઓને બનાવનારા કર્તાઓ બે છે : એક ઈશ્વર અને બીજો જીવ (મનુષ્ય વગેરે પ્રાણી). આમનું કાર્ય-વિભાજન આ મુજબ છે : પ્રકૃતિના પરમાણુઓમાંથી પાંચ ભૂતો (પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ)ની રચના કરવી અને પછી એ ભૂતોમાંથી વૃક્ષ, વનસ્પતિ વગેરેને બનાવવા, અહીં સુધીનું કાર્ય ઈશ્વરનું છે. અહીંથી આગળનું કાર્ય મનુષ્યોનું છે. જેમ કે, નદી બનાવવાનું કાર્ય ઈશ્વરનું છે, પરંતુ એ નદીમાંથી નહેરો કાઢવાનું કાર્ય મનુષ્યોનું છે. માટી બનાવવાનું કાર્ય ઈશ્વરનું છે, પરંતુ એ માટીમાંથી ઈંટો બનાવીને મકાન વગેરે બનાવવાનું કાર્ય મનુષ્યોનું છે. ઝાડ બનાવવાનું કાર્ય ઈશ્વરનું છે, પરંતુ એ ઝાડમાંથી લાકડીઓ કાપીને ટેબલ, ખુરશી, બારી-બારણાં વગેરે બનાવવાનું કાર્ય મનુષ્યોનું છે. આ જ રીતે ઘઉં, ચણા, કપાસ વગેરે બનાવવાનું કાર્ય ઈશ્વરનું છે, પરંતુ તેમાંથી રોટલી, કપડાં વગેરે બનાવવાનું કાર્ય મનુષ્યોનું છે. કાર્ય ભલે ગમે તે હોય, પરંતુ દરેક જગ્યાએ, દરેક કાર્યમાં 'કર્તા'નું હોવું આવશ્યક છે.

એટલા માટે 'સંસાર આપમેળે જ બની ગયો છે, તેનો કોઈ કર્તા નથી' એ પક્ષ કોઈ પણ પ્રકારે સિદ્ધ થતો નથી. તર્ક અને પ્રમાણથી એ જ સિદ્ધ થાય છે કે 'પ્રત્યેક કાર્ય-વસ્તુની પાછળ કોઈ ને કોઈ ચેતન કર્તા અવશ્ય જ હોય છે. સંસારમાં કોઈ પણ વસ્તુ પોતાની મેળે બનતી નથી.' આ જ નિયમના આધારે 'સંસારનો પણ કર્તા હોવાથી ઈશ્વર છે' એ સિદ્ધ થાય છે.

# ત્રીજો સંવાદ

## નાસ્તિક દ્વારા ઈશ્વરની સત્તાનું ખંડન :

૧. પ્રતિજ્ઞા - ઈશ્વર નથી.
૨. હેતુ - સંસાર બની-બનેલો (સ્વયંસિદ્ધ-નિત્ય) હોવાથી.
૩. ઉદાહરણ - જેમ કે, પૃથ્વી.
૪. ઉપનય - જેમ પૃથ્વી બની-બનેલી (સ્વયંસિદ્ધ-નિત્ય) છે, તેને બનતી કોઈએ જોઈ નથી, તેવો જ આ સંપૂર્ણ સંસાર છે.
૫. નિગમન - એટલા માટે, સંસાર બની-બનેલો હોવાથી ઈશ્વર નથી.

**વ્યાખ્યા :** આ જે સંસાર નજરે પડે છે, તે ન તો કોઈએ બનાવ્યો છે અને ન તો તે આપમેળે પણ બન્યો છે; અને ન તો તેને કોઈ નષ્ટ કરશે અને ન તો તે આપમેળે પણ કદી નષ્ટ થવાનો છે. એ તો બસ, અનાદિ કાળથી આવો જ બની-બનેલો (સ્વયંસિદ્ધ-નિત્ય) ચાલ્યો જ આવે છે, અને અનંત કાળ સુધી આવો જ બની જ રહેવાનો છે. આ સંસારને બનાવનારા કોઈ કર્તાને કોઈએ ક્યારેય નથી જોયો. જો જોયો હોત તો માની પણ લેત કે હા, આ સંસારનો કર્તા કોઈ ઈશ્વર છે. એટલા માટે, કર્તા દેખાતો ન હોવાથી એ જ વાત ઠીક લાગે છે કે આ સંસાર કર્તા વગર અનાદિ કાળથી આવો જ બની-બનેલો ચાલ્યો આવે છે, અને આગળ પણ અનંત કાળ સુધી ચાલતો જ રહેવાનો છે.

## આસ્તિક દ્વારા ઈશ્વરની સત્તાનું મંડન :

૧. પ્રતિજ્ઞા - ઈશ્વર છે.
૨. હેતુ - સંસારનો કર્તા હોવાથી.
૩. ઉદાહરણ - સુથારની જેમ.
૪. ઉપનય - જેમ સુથાર ટેબલ-ખુરશીનો કર્તા હોય છે, તેવી જ રીતે ઈશ્વર સંસારનો કર્તા છે.
૫. નિગમન - એટલા માટે, સંસારનો કર્તા હોવાથી ઈશ્વર છે.



**વ્યાખ્યા :** પ્રત્યેક વસ્તુના કર્તાનો નિર્ણય ફક્ત પ્રત્યક્ષ જોઈને જ નથી થતો, બલ્કે અનુમાન વગેરે પ્રમાણોથી પણ કર્તાનો નિર્ણય થાય છે. બજારમાંથી આપણે દરરોજ એવી અનેક વસ્તુઓ લાવીએ છીએ કે જેને કારખાનાઓ અને ફેક્ટરીઓ વગેરેમાં બનાવવામાં આવે છે. દા.ત. પેન, ઘડિયાળ, રેડિયો, કાર વગેરે. આ વસ્તુઓને બનાવનારા કારીગરોને આપણે પ્રત્યક્ષ જોતા નથી, તો શું આપણે આ વસ્તુઓને બની-બનેલી (સ્વયંસિદ્ધ-નિત્ય) માની લઈશું ? કોઈ પણ બુદ્ધિમાન મનુષ્ય આ વસ્તુઓને બની-બનેલી માનતો નથી. આવી સ્થિતિમાં ભલે આપણે પૃથ્વી વગેરે વિશાળ ગ્રહ-ઉપગ્રહોને બનાવવામાં આવતા નથી જોયા, તોપણ એવું તો શી રીતે માની શકાય કે 'આ બધા પૃથ્વી વગેરે પદાર્થો બની-બનેલા જ છે' ? જેમ પેન, ઘડિયાળ, રેડિયો, કાર વગેરેના બનાવનારા કારીગરો કારખાનામાં આ વસ્તુઓ બનાવે છે, તેવી જ રીતે પૃથ્વી વગેરે પદાર્થોને પણ કોઈ ને કોઈ જરૂર બનાવે છે; અને જે બનાવે છે, તે જ ઈશ્વર છે.

કોઈ પણ મનુષ્યે પોતાના શરીરને બનતું જોયું નથી, તો શું એમ માની લેવામાં આવે કે 'આપણાં સૌનાં શરીર સદાથી બની-બનેલાં જ છે, એ ક્યારેય બન્યાં જ નથી' ? આવું તો માની શકાય નહીં. કારણ કે આપણે દરરોજ જ બીજાઓનાં શરીરને જન્મ લેતાં જોઈએ છીએ, અને એવું અનુમાન કરીએ છીએ કે જન્મના ૯-૧૦ મહિના પહેલાં આ શરીર ન હતું; છેલ્લા ૯-૧૦ મહિનાના સમય દરમિયાન આ શરીરનું નિર્માણ થયું છે. જ્યારે આપણે શરીરને બનતું જોયું નથી, તેમ છતાં તેને 'બનેલું - નિર્માણ પામેલું' માનીએ છીએ; તો બિલકુલ આ જ રીતે પૃથ્વી વગેરે પદાર્થોને પણ જો આપણે બની રહેલા - નિર્માણ પામતા - ન જોઈ શકયા હોઈએ તોપણ એટલા માત્રથી એ સિદ્ધ થઈ જતું નથી કે પૃથ્વી વગેરે સંસારના પદાર્થો સદાથી બની-બનેલા જ છે. જેમ આપણે આપણા શરીરને બનતાં નથી જોયું, છતાં પણ તેને બનેલું માનીએ છીએ, તેવી જ રીતે પૃથ્વી વગેરે પદાર્થોને પણ આપણે ભલે બનતા નથી જોયા, પરંતુ એ બધા પણ બનેલા છે, એમ જરૂર માનવું જોઈએ.

'પૃથ્વી બનેલી છે' આ વાતને આપણે આ રીતે પણ સમજી શકીએ છીએ : 'જે કોઈ વસ્તુ તૂટી જાય છે, તે વસ્તુ ક્યારેક ને ક્યારેક તો જરૂર બની જ હોવી જોઈએ' - આ એક સિદ્ધાંત છે. જેમ ગ્લાસની ધાર પર ધીમેથી મારવાથી તેનો એક કિનારો તૂટી જાય છે, અને ગ્લાસ પર બહુ જોરથી મારવાથી જેમ તે આખો જ તૂટી જાય છે, તેવી જ રીતે આ પૃથ્વીના કોઈ એક ભાગ પર પાવડા કે કોદાળીથી ઘા કરવાથી તેના ટુકડા અલગ અલગ થઈ જાય છે, અને ડાયનેમાઈટ જેવાં ભારે વિસ્ફોટકોના પ્રયોગથી મોટા મોટા પહાડો પણ ખંડ ખંડ થઈ જાય છે. તેવી જ રીતે અણુબોંબ, પરમાણુબોંબ વગેરેના અત્યંત પ્રહારથી આખી પૃથ્વી પણ તૂટી શકે છે. આથી એ સિદ્ધ થાય કે ગ્લાસ એટલા માટે તૂટ્યો હતો, કેમ કે તે બન્યો હતો. તેવી જ રીતે પૃથ્વી પણ જો તૂટી જતી હોય, તો તે પણ જરૂર ને જરૂર બની જ હોવી જોઈએ; અને તેનો બનાવનાર ઈશ્વર જ છે. આ વાતને આપણે પંચ-અવયવોના માધ્યમથી નીચે મુજબ સમજી શકીએ છીએ :

૧. પ્રતિજ્ઞા - પૃથ્વી વગેરે મોટા મોટા ગ્રહો ઉત્પન્ન થયેલા છે.
૨. હેતુ - તોડવાથી તૂટી જતાં હોવાથી; જે વસ્તુ તૂટી જાય છે, તે બની જરૂર હોય છે.
૩. ઉદાહરણ - જેમ કે, ગ્લાસ.
૪. ઉપનય - જેમ ગ્લાસ તૂટી જાય છે, (કેમ કે) તે બન્યો હતો; તેવી જ રીતે પૃથ્વી પણ તૂટી જાય છે, (કેમ કે) તે પણ બની હતી.
૫. નિગમન - કેમ કે પૃથ્વી વગેરે ગ્રહો તોડવાથી તૂટી જાય છે, એટલા માટે તે બનેલા - ઉત્પન્ન થયેલા છે.

વિજ્ઞાનનો એ સિદ્ધાંત છે કે સંસાર (દ્રવ્ય)નો સૂક્ષ્મતમ ભાગ (પરમાણુ) જ ફક્ત એવું તત્ત્વ છે, જેને ન તો ઉત્પન્ન કરી શકાય છે અને ન તો તેનો નાશ કરી શકાય છે - A matter can neither be created nor can be destroyed. આ સિદ્ધાંત અનુસાર પરમાણુમાંથી સ્થૂળ સંસારના જેટલા પણ પદાર્થો છે, તે બધા નાના નાના પરમાણુઓ



ભેગા થઈને બન્યા છે. અને કેમ કે તે પદાર્થો ભેગા થવાથી - સંયોગથી બન્યા છે, એટલા માટે તે નષ્ટ પણ થઈ જાય છે. આથી સિદ્ધ થાય છે કે પૃથ્વી પણ નાના નાના પરમાણુઓ ભેગા થઈને બની છે. એ સદાથી આવી જ બની-બનેલી નથી. અને જ્યારે પૃથ્વી બની છે, તો તેનો બનાવનારો પણ કોઈ ને કોઈ જરૂર છે. 'કોઈ વસ્તુ આપમેળે બનતી નથી' એ વાત આપણે અગાઉના પ્રકરણમાં (બીજા પ્રશ્નના ઉત્તરમાં) સિદ્ધ કરી ચૂક્યા છીએ. એટલા માટે સંસારના પૃથ્વી વગેરે સર્વ પદાર્થોને બનાવનારો ઈશ્વર જ છે - ભલે પછી આપણે એ ઈશ્વરને પૃથ્વી વગેરે પદાર્થો બનાવતો ન પણ જોયો હોય.

પૃથ્વીની ઉંમર અંગે પણ વિજ્ઞાનનો મત જુઓ : વિજ્ઞાનના મત અનુસાર પૃથ્વીની ઉંમર લગભગ ૪ અબજ ૬૦ કરોડ વર્ષ બતાવવામાં આવી છે. આ નિષ્કર્ષ પુરાતન ચટ્ટાનોમાં રહેલ યુરેનિયમ વગેરે પદાર્થોના પરીક્ષણ બાદ કાઢવામાં આવ્યો છે :

"According to their deductions based on the study of rocks, the age of the Earth is estimated to be around 4600 million years." - MANORAMA. A Handy Encyclopedia (year book 1983) page-105, Science and Technology Section.

અનેક પ્રકારના નાના-મોટા ઉલ્કા-પિંડો આકાશમાં તૂટતા રહે છે. આ ઉલ્કા-પિંડોના જે ખંડો પૃથ્વી પર પડ્યા છે, તેને દેશ-વિદેશનાં સંગ્રહાલયોમાં જોઈ શકાય છે. જ્યારે આ ઉલ્કા-પિંડો સૌરમંડળના સભ્યો છે અને તે તૂટતા રહે છે, તો પછી આ પૃથ્વી પણ સૌરમંડળનો જ સભ્ય હોવાથી કેમ નહિ તૂટે ? આથી પણ એ સિદ્ધ થાય છે કે આ સંસાર સદાથી બની-બનેલો નથી, બલ્કે તે તૂટે છે અને બને છે. આ સમસ્ત સંસારનો બનાવનાર અને બગાડનાર (ઉત્પત્તિ-પ્રલય કરનાર) સર્વશક્તિમાન, સર્વવ્યાપક, સર્વજ્ઞ ઈશ્વર જ છે.

# ચોથો સંવાદ

## નાસ્તિક દ્વારા ઈશ્વરની સત્તાનું ખંડન :

૧. પ્રતિજ્ઞા - ઈશ્વર નથી.
૨. હેતુ - સંસારમાં અવ્યવસ્થા હોવાથી.
૩. ઉદાહરણ - જેમ રાજા ન હોવાથી નગરમાં અવ્યવસ્થા થઈ જાય છે.
૪. ઉપનય - રાજા વગરના નગરની જેમ જ સંસારમાં અવ્યવસ્થા જોવા મળે છે.
૫. નિગમન - એટલા માટે, સંસારમાં અવ્યવસ્થા હોવાથી ઈશ્વરની સત્તા નથી.

**વ્યાખ્યા :** એ વાત આપણે પ્રત્યક્ષ જ જાણીએ છીએ કે રાજા ન હોવાથી નગર અને સમાજમાં અન્યાય, ચોરી, જારકર્મ, હિંસા, લડાઈ, ઝઘડા વગેરેથી અવ્યવસ્થા ઉત્પન્ન થઈ જાય છે; અને જો રાજા હોય તો આવી અવ્યવસ્થા ઉત્પન્ન થતી નથી. જો ક્લાસમાં શિક્ષક ન હોય તો બાળકો કોલાહલ કરી મૂકે છે, એકબીજાની સાથે મારપીટ કરે છે; પરંતુ જો શિક્ષક હાજર હોય તો આવું થતું નથી. ધાર્મિક, વિદ્વાન અને સભ્ય માતા-પિતા જો ઘરમાં ન હોય તો છોકરાઓ પરસ્પર લડે-ઝઘડે છે, બીડી-સિગારેટ કે દારૂ પીએ છે, જુગાર રમે છે, આચારહીન અને સ્વચ્છંદી બની જાય છે. પરંતુ જો માતા-પિતા ઘરમાં હોય તો ઉક્ત દુષ્ટ કર્મો થતાં નથી. આ રીતે જો સંસારનો સ્વામી, રાજા, સંચાલક, ન્યાયાધીશ કોઈ ઈશ્વર હોત તો સંસારમાં હિંસા, ચોરી, જારકર્મ, અન્યાય વગેરે રૂપે જે અવ્યવસ્થા ફેલાયેલી જોવા મળે છે તે ન હોત. પરંતુ કેમ કે સંસારમાં અવ્યવસ્થા સ્પષ્ટ નજરે પડે છે, માટે એ જ સિદ્ધ થાય છે કે ઈશ્વર નામની કોઈ સત્તા નથી.

## આસ્તિક દ્વારા ઈશ્વરની સત્તાનું મંડન :

૧. પ્રતિજ્ઞા - ઈશ્વર છે.



૨. હેતુ - સંસારમાં મનુષ્યોએ કરેલી અવ્યવસ્થાનો સંબંધ ઈશ્વર સાથે ન હોવાથી.
૩. ઉદાહરણ - રાજા નગરમાં હોવા છતાંય પ્રજા દ્વારા સ્વતંત્રતાથી (પોતાની મરજીથી) આજ્ઞા-ભંગ કરવાની જેમ.
૪. ઉપનય - તેવી જ રીતે સંસારનો સ્વામી ઈશ્વર હોવા છતાંય મનુષ્યો સ્વતંત્રતાથી અન્યાય વગેરે પાપ કરે છે.
૫. નિગમન - એટલા માટે, સંસારમાં મનુષ્યો દ્વારા સ્વતંત્રતાથી પાપ વગેરે કરવામાં આવતાં હોવાને કારણે ઈશ્વરનો નિષેધ થઈ શકતો નથી. ઈશ્વર તો પોતાની વ્યવસ્થાને કારણે સિદ્ધ જ છે.

**વ્યાખ્યા :** સંસારમાં જે અવ્યવસ્થા જોવા મળે છે, તે મનુષ્યો દ્વારા ફેલાવવામાં આવી છે. આના આધારે આપનું એમ કહેવું કે 'ઈશ્વરની સંસારમાં કોઈ સત્તા નથી; જો ઈશ્વર હોત તો આ અવ્યવસ્થા ન હોત' એ ઉચિત નથી. કારણ કે મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર છે. તે પોતાના અજ્ઞાન, હઠ, દુરાગ્રહ, સ્વાર્થ વગેરે દોષોને કારણે ચોરી, જારકર્મ, હિંસા, અન્યાય વગેરે ખરાબ કર્મો કરે છે. જો મનુષ્ય કર્મ કરવામાં ઈશ્વરને આધીન હોત, તો સંસારમાં કોઈ પણ અવ્યવસ્થારૂપી કર્મ ન થાત. એટલા માટે, સંસારમાં જે અવ્યવસ્થા જોવા મળે છે તેનું ખરું કારણ 'મનુષ્યોની કર્મ કરવામાં સ્વતંત્રતા હોવી' એ જ છે, નહિ કે 'ઈશ્વરની સત્તા ન હોવી'.

આપે આપના પક્ષની પુષ્ટિમાં રાજાનું ઉદાહરણ આપીને અર્થાપત્તિથી[1] એ બતાવવાનો પ્રયાસ કર્યો છે કે 'રાજાના હોવાથી નગરમાં ચોરી, જારકર્મ, હિંસા વગેરેથી અવ્યવસ્થા નથી થતી', પરંતુ હકીકતમાં એમ નથી. ન્યાયકારી, બળવાન, ધાર્મિક, વિદ્વાન, આદર્શ રાજાના તથા તેણે બનાવેલ બંધારણ અને દંડ-વ્યવસ્થા હોવા છતાંય રાજ્યમાં લોકો સ્વતંત્રતાથી ચોરી, જારકર્મ, હિંસા વગેરે કાર્યો કરી લેતાં હોય છે. જોકે

૧. **અર્થાપત્તિ :** એક વાતના કહેવાથી બીજી વાત કહ્યા વગર સમજમાં આવે તેને અર્થાપત્તિ કહે છે. - આર્યોદ્દેશ્યરત્નમાળા, સંખ્યા ૯૧

તેઓને એ પણ ખબર હોય છે કે આ કાર્ય અનુચિત છે, બંધારણ-વિરુદ્ધ છે તથા તેના પ્રતિફળ રૂપે દંડ પણ મળશે. આવું પ્રત્યક્ષ જોતાં હોવા છતાંય આપણે એમ નહિ કહી શકીએ કે નગરનો રાજા નથી.

આવી જ રીતે પેલાં શિક્ષક-વિદ્યાર્થી અને માતાપિતા-બાળકોના વિષયમાં આપવામાં આવેલ દૃષ્ટાંતોને પણ સમજવાં જોઈએ. સભ્ય, વિદ્વાન, ધાર્મિક, ગુરુજનો અને માતા-પિતા ક્લાસ તથા ઘરમાં ન હોય ત્યારે જ વિદ્યાર્થી કે બાળકો અવ્યવસ્થા ઉત્પન્ન કરે છે એવું નથી, બલ્કે ગુરુજનો અને માતા-પિતા ક્લાસ તથા ઘરમાં હોય ત્યારે પણ તેઓ અવ્યવસ્થા કરતાં હોય છે. ઉચ્છૃંખલ, અનુશાસનહીન, દુષ્ટ વિદ્યાર્થીઓ અને બાળકો તો ગુરુજનો અને માતા-પિતા દ્વારા સમજાવવા, ભય બતાવવા તથા દંડ કરવા છતાંય પરસ્પર ઝઘડે છે, તોડફોડ કરે છે, સિગરેટ-દારૂ પીએ છે, જુગાર રમે છે અને બીજાં આવાં અનેક આચારહીનતા સંબંધી કાર્યો કરે છે. ત્યારે શું ક્લાસમાં શિક્ષકની કે ઘરમાં માતા-પિતાની સત્તાનો નિષેધ કરી શકાય છે ? આવું તો કોઈ રીતે માની શકાય એમ નથી.

હકીકતમાં સિદ્ધાંત એ જ છે કે દરેક મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર છે. જે કર્મ કરી રહ્યો હોય છે તેને રાજા, ગુરુ, માતા-પિતા વગેરે પણ પકડી નથી શકતાં. હા, દુષ્ટ કર્મ કર્યા પછી તેને દંડ આપે છે અથવા સારું કર્મ કર્યા બાદ તેને પુરસ્કાર પણ આપે છે. આવી જ સ્થિતિ સંસારમાં ઈશ્વરના વિષયમાં સમજવી જોઈએ.

આ સંસારનો રાજા, સ્વામી, ન્યાયાધીશ પરમપિતા ઈશ્વર છે. એવા સર્વજ્ઞ, સર્વશક્તિમાન, ન્યાયકારી પિતા હોવા છતાંય તેના મનુષ્યરૂપી પુત્રો પોતાની સ્વતંત્રતાથી હિંસા, ચોરી, જારકર્મ, અન્યાય વગેરે કર્મો કરે છે. જોકે વેદોના માધ્યમથી ઈશ્વરે વિહિત-નિષિદ્ધ (કર્તવ્ય-અકર્તવ્ય) કર્મોનો નિર્દેશ આ સૃષ્ટિના આરંભમાં કર્યો હતો, જે આજ સુધી આપણી પાસે મોજૂદ છે. મનુષ્યોનાં હૃદયમાં સ્થિત ઈશ્વર ભય, શંકા, લજ્જા ઉત્પન્ન કરીને પાપ-કર્મો નહિ કરવાની પ્રેરણા આપે છે. કૂતરા, બિલાડી, ગધેડા, બળદ, ભૂંડ વગેરેની દુઃખમય



યોનિઓમાં પાપોનું ફળ જીવોને ભોગવતા પણ બતાવે છે. તેમ છતાં મનુષ્ય આ બધી બાબતો હોવા છતાંય પોતાની સ્વતંત્રતાથી અન્યાય વગેરે દુષ્ટ કાર્યો કરી લે છે. ઈશ્વરે મનુષ્યને કર્મ કરવામાં સ્વતંત્ર છોડ્યો છે. અર્થાત્ કર્મ કરવામાં મનુષ્ય સ્વતંત્ર છે. કર્મ કરતી વખતે ઈશ્વર તેનો હાથ નથી પકડતો. પરંતુ હા, કર્મ કરી લીધા બાદ ન્યાય-અનુસાર તેને ફળ જરૂર આપે છે.

ઈશ્વરની સત્તા તો સિદ્ધ જ છે, કારણ કે તેનાં કાર્યોમાં સર્વત્ર વ્યવસ્થા જ જોવા મળે છે. ઈશ્વરનાં કાર્યો છે : સંસારને બનાવવો, સંસારને ચલાવવો, સમય આવ્યે સંસારનો વિનાશ (પ્રલય) કરવો, અને સર્વ જીવોનાં કર્મોનું યથાયોગ્ય ફળ આપવું. ઈશ્વર સૂર્ય, ચંદ્ર વગેરેને બનાવે છે. શું ઈશ્વર સિવાય બીજું કોઈ આ સૂર્ય, ચંદ્ર વગેરેને બનાવી શકે છે ? ઈશ્વર આ સૂર્ય, ચંદ્ર વગેરેને બનાવીને તેને ચલાવે પણ છે. આ સૂર્ય વગેરે પદાર્થો શું એક મિનિટ માટે પણ ચાલતાં ચાલતાં ક્યારેય અટક્યા છે ? ઈશ્વરનું કાર્ય છે : બીજ બનાવવાં, બીજમાંથી વનસ્પતિઓ બનાવવી. કેરીમાંથી કેરી થાય છે, કેળામાંથી કેળું થાય છે, ઘઉંમાંથી ઘઉં થાય છે, અને ચણામાંથી ચણા થાય છે. આ જ રીતે ઈશ્વર મનુષ્ય વગેરે પ્રાણીઓનાં શરીર બનાવે છે. મનુષ્યમાંથી મનુષ્યનું અને પશુમાંથી પશુનું શરીર બને છે. શું ક્યારેય આ કાર્યોમાં કોઈ ફેરબદલ કે અવ્યવસ્થા થાય છે ? આવી જ રીતે સંસારને નષ્ટ કરવો એ પણ ઈશ્વરનું જ કાર્ય છે. ભવિષ્યમાં એક સમય એવો આવશે કે જ્યારે સૂર્યની ગરમી સમાપ્ત થઈ જશે, પૃથ્વીમાં ઉત્પાદન-શક્તિ નહિ રહે. ત્યારે આ સંસાર મનુષ્ય વગેરે પ્રાણીઓ માટે કામનો નહિ રહે. એ અવસ્થામાં ઈશ્વર તેને નષ્ટ કરી દેશે. જીવોને પોતાનાં શુભ-અશુભ કર્મો અનુસાર જ મળેલી મનુષ્ય, પશુ, પક્ષી, કીટ, પતંગ વગેરેની વિભિન્ન યોનિઓ ઈશ્વરના ન્યાયને સિદ્ધ કરે છે. આથી ઈશ્વરનાં કાર્યોમાં સર્વત્ર વ્યવસ્થા જ જોવા મળે છે.

ઈશ્વરનું કાર્યક્ષેત્ર અલગ છે, અને જીવાત્માનું કાર્યક્ષેત્ર અલગ છે. 'ઈશ્વરનાં કાર્યો જીવ નથી કરી શકતા, અને જીવોનાં કાર્યો ઈશ્વર નથી કરતા' - આ સિદ્ધાંતની ચર્ચા આપણે બીજા પ્રશ્નના ઉત્તરમાં કરી ચૂક્યા છીએ.

એટલા માટે રાજા દ્વારા બંધારણ પ્રકાશિત કરવામાં આવ્યું હોય તોપણ નાગરિકો પોતાની સ્વતંત્રતાથી અનુચિત કાર્યો કરી લેતા હોય છે, આથી કાંઈ રાજાની સત્તા (અસ્તિત્વ)નો નિષેધ થઈ શકતો નથી. એવી જ રીતે ઈશ્વર દ્વારા પણ વેદરૂપી બંધારણનો પ્રકાશ કરવામાં આવ્યો હોવા છતાંય, તેમ જ મનમાં ભય, શંકા, લજ્જાને ઉત્પન્ન કરવા છતાંય જો મનુષ્ય લોકો પોતાની સ્વતંત્રતાથી સંસારમાં ચોરી, જારકર્મ, છળ-કપટ, અન્યાય વગેરે કરીને અવ્યવસ્થા ફેલાવતા હોય, તો તેને ઈશ્વરની સત્તાનો નિષેધ ન કહી શકાય.

## પાંચમો સંવાદ

### નાસ્તિક દ્વારા ઈશ્વરની સત્તાનું ખંડન :

૧. પ્રતિજ્ઞા - ઈશ્વર નથી.
૨. હેતુ - પ્રાર્થના કરનાર વ્યક્તિનું દુઃખ દૂર ન થતું હોવાથી.
૩. ઉદાહરણ - નાના અનાથ બાળકની જેમ.
૪. ઉપનય - તેવી જ સ્થિતિ ઈશ્વરને પ્રાર્થના કરનારની છે.
૫. નિગમન - એટલા માટે, પ્રાર્થના કરનાર વ્યક્તિનું દુઃખ દૂર ન થતું હોવાથી ઈશ્વરની સત્તા નથી.

**વ્યાખ્યા :** આસ્તિક લોકો વહેલી સવારે અંધારામાં જ ઊઠીને અત્યંત ભાવપૂર્વક પોતાના ઈષ્ટ દેવ સમક્ષ ભજન, ગીત, માળા, કથા, પૂજા, પાઠ, ભેટ, પ્રસાદ, ધ્યાન, જપ વગેરે ધાર્મિક ક્રિયાકાંડો કરતાં કરતાં લાંબી લાંબી પ્રાર્થનાઓ કરતાં હોય છે કે "હે પ્રભુ ! અમને ધન-ધાન્યથી પરિપૂર્ણ કરો, અમને નિરોગી અને તંદુરસ્ત રાખો, પુત્ર-પૌત્ર પ્રદાન કરો, નોકરી-ધંધો આપો, પરીક્ષામાં પાસ કરી દો, કેસ જિતાડી આપો વગેરે, વગેરે." જેમ એક અનાથ બાળક ભૂખ-તરસ કે ઠંડી-ગરમી લાગે ત્યારે પોતાનાં મા-બાપને પોકારે છે, પરંતુ તેનો એ પુકાર કોઈ નથી સાંભળતું, તેવી જ સ્થિતિ આ ઈશ્વર-ભક્તોની હોય છે. આ આસ્તિકો દરરોજ કલાકોના કલાક પોતાનાં વ્યક્તિગત અને



કૌટુંબિક કષ્ટો, અભાવો, ચિંતાઓ અને દુઃખોનું વર્ણન બહુ જ દર્દભર્યા સ્વરે પેલા કલ્પિત ઈશ્વર સમક્ષ કરે છે, તેને આજીજી-વિનંતી કરે છે, રૂદન કરે છે, પરંતુ તેઓનું એક પણ દુઃખ દૂર થતું નથી. જો હકીકતમાં ઈશ્વર હોત તો નિશ્ચિતરૂપે આ બધા ઈશ્વર-ભક્તોનાં કષ્ટ-દુઃખો દૂર થઈ જવાં જોઈતાં હતાં, પરંતુ એવું નથી થતું. આથી એ જ સિદ્ધ થાય છે કે ઈશ્વરની સત્તા નથી.

### આસ્તિક દ્વારા ઈશ્વરની સત્તાનું મંડન :

૧. પ્રતિજ્ઞા - ઈશ્વર છે.
૨. હેતુ - પુરુષાર્થ-સહિત, વિધિવત્ સાચી પ્રાર્થના કરવાથી દુઃખો દૂર થતાં હોવાથી.
૩. ઉદાહરણ - સામાન ઉઠાવનારા કુલીની જેમ.
૪. ઉપનય - તેવી જ રીતે પુરુષાર્થી, સાચા પ્રાર્થના કરનારનાં દુઃખો દૂર થાય છે.
૫. નિગમન - એટલા માટે પુરુષાર્થ-સહિત, સાચી પ્રાર્થના કરવાથી દુઃખો દૂર થતાં હોવાથી ઈશ્વરની સત્તા છે.

**વ્યાખ્યા :** "આસ્તિક લોકો ઈશ્વરને પ્રાર્થના કરે છે, પરંતુ તેમનાં કષ્ટો દૂર થતાં નથી. જો ઈશ્વર હોત તો ચોક્કસપણે પ્રત્યેક ભક્તની પ્રાર્થના સફળ થઈ હોત" - એટલા માત્રથી આપનું એમ માની લેવું કે ઈશ્વરની સત્તા નથી, એ ઠીક નથી.

સૌ પ્રથમ તો એ જાણવું જરૂરી છે કે 'પ્રાર્થના' કોને કહે છે, અને પ્રાર્થના ક્યારે કરવી જોઈએ. જે લોકો પ્રાર્થનાની પરિભાષા અને તેનાં લક્ષણો જાણતા નથી, તેઓ જ આવી શંકાઓ કર્યા કરે છે. મહર્ષિ દયાનંદે પ્રાર્થનાનું સ્વરૂપ આ મુજબ દર્શાવ્યું છે :

> **"પોતાના પૂર્ણ પુરુષાર્થ પછી ઉત્તમ કર્મોની સિદ્ધિ માટે પરમેશ્વર અથવા કોઈ સામર્થ્ય ધરાવતા મનુષ્યની સહાયતા લેવાને 'પ્રાર્થના' કહે છે."**

- આર્યોદ્દેશ્યરત્નમાળા, સંખ્યા ૨૪

જેમ કોઈ કુલી અથવા સામાન ઉઠાવનારો મજૂર પોતે કશો જ પરિશ્રમ  ન કરે અને હાથ પર હાથ ધરીને એમ જ ઊભો રહે અને બીજા લોકોને એમ કહે કે આ સામાન મારા માથે મૂકી આપો, તો કોઈ વ્યક્તિ તેની સહાયતા કરવાને માટે તૈયાર નહિ થાય. જેમ એક વિદ્યાર્થી પોતાના અધ્યાપક દ્વારા ભણાવવામાં આવતો પાઠ ધ્યાનપૂર્વક સાંભળતો નથી, લખતો નથી, યાદ રાખતો નથી અને ન તો અધ્યાપક દ્વારા કહેવામાં આવતી બીજી ઉત્તમ વાતોનું પાલન કરે છે. પરંતુ જ્યારે પરીક્ષાનો સમય નજીક આવે છે ત્યારે 'ગુરુજી-ગુરુજી'ની રટ લગાવીને તે પોતાના અધ્યાપકને કહે છે કે મને પરીક્ષામાં પાસ કરી દો. તો આવી હાલતમાં ક્યો બુદ્ધિમાન-ન્યાયપ્રિય અધ્યાપક એ વિદ્યાર્થીને કે જેણે પરીક્ષા માટે કશો જ પુરુષાર્થ નથી કર્યો તેને સારા માર્ક્સ આપીને પાસ કરી દેશે ? કોઈ જ નહિ કરે.

બિલકુલ આવી જ રીતે ઈશ્વર પણ પ્રાર્થના કરનાર મનુષ્યની સહાયતા કરતા પહેલાં કેટલીક વાતોની અપેક્ષા રાખે છે. ઈશ્વરે ધન, બળ, સ્વાસ્થ્ય, દીર્ઘાયુ, પુત્ર વગેરેની પ્રાપ્તિ માટે તથા અન્ય કામનાઓની સફળતા માટે વેદોમાં વિધિનો નિર્દેશ કર્યો છે. જે મનુષ્યો એ વેદોક્ત વિધિ-નિર્દેશોને ઠીક પ્રકારે જાણ્યા વિના અને વ્યવહાર-કાળમાં તે પ્રમાણે આચરણ કર્યા વિના જ પ્રાર્થના કરે છે, તેમની સ્થિતિ પેલા કુલી અથવા વિદ્યાર્થીની સ્થિતિ જેવી જ છે. વિધિ-રહિત, પુરુષાર્થહીન પ્રાર્થના સાંભળીને અધ્યાપકરૂપી ઈશ્વર પણ પ્રાર્થના કરનારની કામનાઓ પૂરી નથી કરતો, કારણ કે ઈશ્વર તો મહાન બુદ્ધિમાન અને પરમ ન્યાયપ્રિય છે.

શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ કર્મ વગર કરવામાં આવતી પ્રાર્થના એકાંગી છે. વેદ વગેરે સત્ય શાસ્ત્રોને યથાર્થ રૂપે ભણ્યા-સમજ્યા વગર તથા તદનુસાર આચરણ કર્યા વગર ભલે ગમે તેટલી પ્રાર્થનાઓ કરવામાં આવે, તોપણ તેનો સમાવેશ 'પ્રાર્થના'ની કોટિમાં થઈ શકતો નથી.

જે ઈશ્વર-ભક્તો 'પ્રાર્થના'ને ફક્ત મંદિરમાં જવા, મૂર્તિનાં દર્શન



કરવાં, તેની સમક્ષ માથું નમાવવા, તિલક કરવા, ચરણામૃત પીવા, પત્ર-પુષ્પ વગેરે ચઢાવવાં, કેટલાક ખાદ્ય પદાર્થો ભેટ ધરવા, કોઈ નામસ્મરણ કરવા, માળા ફેરવવા, બે ભજન ગાઈ લેવાં, કોઈ તીર્થસ્થાન પર જઈને સ્નાન કરવા કે કશુંક દાન-પુણ્ય કરવા પૂરતી જ મર્યાદિત રાખે છે, તેમની પ્રાર્થના સફળ થતી નથી. એવા પ્રાર્થના કરનાર લોકો પ્રાર્થનાની સાથે સુકર્મોનો નાતો જોડતા નથી અને વ્યવહાર-કાળમાં ઈશ્વર જે પ્રકારના પુરુષાર્થની પ્રાર્થના કરનાર મનુષ્યો પાસે અપેક્ષા રાખે છે, તેવો વ્યવહાર તેઓ કરતા નથી.  પ્રાર્થનાની અસફળતામાં આ કારણભૂત બને છે. આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે જે હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, મદ્યપાન, અસંયમ, આળસ, પ્રમાદ વગેરે બૂરાં કર્મોથી અશાંતિ, રોગ, ભય, શોક, અજ્ઞાન, મૃત્યુ, અપયશ વગેરે દુઃખોની પ્રાપ્તિ થાય છે, તે જ બૂરાં કર્મોને કરતો રહી 'પ્રાર્થના' કરનાર મનુષ્ય ઈશ્વર પાસેથી આનંદ, શાંતિ, નિર્ભયતા, સ્વાસ્થ્ય, દીર્ઘાયુ, બળ, પરાક્રમ, જ્ઞાન, યશ વગેરે સુખોની કામના કરે છે ! પરંતુ એ શી રીતે સંભવી શકે ? એ કદાપિ સંભવ નથી.

પૂર્ણ પુરુષાર્થ કર્યા બાદ કરવામાં આવતી પ્રાર્થના જો સફળ ન થતી હોય, તો શાસ્ત્રીય સિદ્ધાંત અનુસાર તેનાં ત્રણ કારણો હોઈ શકે છે : કર્મ, કર્તા અને સાધન. (જુઓ : **न कर्मकर्तृसाधनवैगुण्यात् ।** – ન્યાયદર્શન : ૨.૧.૫૮) જ્યારે આ ત્રણેય (કર્મ, કર્તા અને સાધન) પોતાના ગુણોથી યુક્ત હોય છે, ત્યારે પ્રાર્થના જરૂર સફળ થાય છે. આથી વિપરીત જો આ ત્રણેયમાંથી કોઈ એક પણ કારણમાં ન્યૂનતા રહી ગઈ, તો ભલે પ્રાર્થના ગમે તેટલી કેમ ન કરવામાં આવે, તોપણ પ્રાર્થના કરનારની પ્રાર્થના સફળ નહિ થાય.

ઉદાહરણ તરીકે, એક રોગી મનુષ્ય પોતાના રોગથી છુટકારો મેળવવા કોઈ કુશળ વૈદ્ય પાસે જાય છે અને વૈદ્યને કહે છે કે, આપ મને સ્વસ્થ કરો. રોગનું નિદાન કર્યા બાદ વૈદ્ય રોગીને નિર્દેશ કરે છે અમુક દવા, આ વિધિથી, દિવસમાં આટલી વાર, આટલી માત્રામાં લેવી અને પથ્ય-અપથ્ય પણ બતાવે છે કે આ વસ્તુઓ ખાવી અને આ ન ખાવી. સાથે સાથે

રોગીને દિનચર્યા, વ્યવહાર વગેરેના વિષયમાં પણ નિર્દેશ કરે છે.

આટલા નિર્દેશો કર્યા બાદ પણ જો રોગી જે દવા, જ્યારે, જેટલી માત્રામાં, જેટલી વાર લેવાની હોય છે, તથા જે વિધિથી લેવાની હોય છે, તે મુજબ ન લે, તો એ 'કર્મનો દોષ' છે. દવા વિષયક કાર્યોને તો ઠીક પ્રકારે સંપન્ન કરે, પરંતુ જો તે રોગી ક્રોધ, આળસ, પ્રમાદ, ચિંતા, ભય, નિરાશા વગેરેથી યુક્ત રહેતો હોય, તો એ 'કર્તાનો દોષ' છે. રોગી પોતે ગમે તેટલો નિપુણ કેમ ન હોય, પરંતુ જો દવા નકલી હોય, નિમ્ન સ્તરની હોય, થોડી હોય, તો એ 'સાધનનો દોષ' છે.

બિલકુલ આવી જ રીતે, જો કોઈ પ્રાર્થના કરનાર ઈશ્વર-ભક્ત આસ્તિક મનુષ્યની પ્રાર્થના સફળ ન થતી હોય અને તેનાં દુઃખો દૂર ન થતાં હોય, તો એમ નહિ માની લેવું જોઈએ કે ઈશ્વરની સત્તા નથી; બલ્કે એવી સ્થિતિમાં એ અનુમાન કરવું જોઈએ કે તેના પુરુષાર્થમાં કોઈ કમી છે અર્થાત્ કર્મ, કર્તા અને સાધનોમાં કોઈ ને કોઈ જગ્યાએ ન્યૂનતા અથવા દોષ છે. એ ન્યૂનતાઓ અને દોષોને જાણીને તેને દૂર કરવાં જોઈએ. એમ કરવાથી તેની પ્રાર્થના જરૂર સફળ થશે. એટલા માટે ઉપર્યુક્ત વિવરણ પરથી એ સિદ્ધ થાય છે કે ઈશ્વરની સત્તા છે અને તે દુઃખોને દૂર પણ કરે છે. પરંતુ તે બધા જ પ્રાર્થના કરનારા ભક્તોનાં દુઃખ દૂર નથી કરતો, બલ્કે ફક્ત એવા જ ભક્તોનાં દુઃખ દૂર કરે છે કે જે ભક્તો પુરુષાર્થ-સહિત, સાચી વિધિથી તેને પ્રાર્થના કરે છે.

• • •



# ● ઈશ્વરનું સાચું સ્વરૂપ ●

- **સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે, તે સૌનું આદિ મૂળ પરમેશ્વર છે. (આર્યસમાજનો પહેલો નિયમ)**

- **ઈશ્વર સચ્ચિદાનંદ-સ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે. તેની જ ઉપાસના કરવી યોગ્ય છે. (આર્યસમાજનો બીજો નિયમ)**

- **જેનાં બ્રહ્મ, પરમાત્મા આદિ નામ છે, જે સચ્ચિદાનંદ આદિ લક્ષણયુક્ત છે, જેનાં ગુણ-કર્મ-સ્વભાવ પવિત્ર છે, જે સર્વજ્ઞ, નિરાકાર, સર્વવ્યાપક, અજન્મા, અનંત, સર્વશક્તિમાન, દયાળુ, ન્યાયકારી, સર્વ સૃષ્ટિનો રચનાર, ધારણ કરનાર, નાશ કરનાર, સર્વ જીવોને કર્માનુસાર સત્ય ન્યાયથી ફળ આપનાર આદિ લક્ષણયુક્ત છે, તેને જ પરમેશ્વર માનું છું. (સત્યાર્થપ્રકાશ-સ્વમંતવ્યામંતવ્યપ્રકાશ)**

**● મહર્ષિ દયાનંદ સરસ્વતી ●**